# ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર ધ્વારા
## છેલ્લા ૧૦ વર્ષમાં મેળવેલ સિધ્ધીઓ

સ્વ. સંગીત સામ્રાજ્ઞી તાના અને રીરીની સ્મૃતિમાં વડનગરના શાસ્ત્રીય સંગીતના સાંસ્કૃતિક વારસાની સમસ્ત વિશ્વને જાણ થાય તે શુભ હેતુથી શાસ્ત્રીય સંગીતત્સવનો તાનારીરી મહોત્સવ તરીકે ૧૯૮૩થી પ્રારભ કરવામાં આવેલ ૧૯૮૩થી ૧૯૮૬ સુધી વડનગર ખાતે મહોત્સવનું આયોજન કરવામા આવેલ. સ્વ. તાનારીરી સિધ્ધીઓ વિષયક બહોળા પ્રચાર–પ્રસાર હેતુથી ૧૯૮૬ થી ૨૦૦૨–૦૩ સુધી સમગ્ર રાજયના અલગ અલગ સ્થળોએ તાનારીરી મહોત્સવનુ આયોજન હાથ ધરવામાં આવેલ.

**૧. વર્ષ–૨૦૦૩–૦૪**

વર્ષ–૨૦૦૩–૦૪થી તાનારીરી ની સ્મૃતિમાં કાયમી સ્વરૂપે વડનગર ખાતે જ આયોજન કરવાનું નકકી કરવામા આવ્યુ તાનારીરી મહોત્સવમા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાના કલાકારો તરીકે તા.૨૩/૮/૦૩ના રોજ પં.હરિપ્રસાદ ચૌરસીયા ધ્વારા બાંસુરી વાદન અને તા.૨૩/૮/૦૩ના રોજ શ્રીમતી અશ્વિની ભીડે ધ્વારા શાસ્ત્રીય ગાયન પ્રસ્તુત થયેલ.

**૨. વર્ષ–૨૦૦૪–૦૫**

રાષ્ટ્રીય તેમજ આતરરાટ્રીય કક્ષાના તાનારીરી મહોત્સવમા રાષ્ટ્રીય તેમજ આતરરાટ્રીય કક્ષાના કલાકારો તરીકે તા.૨૦/૧૧/૦૪ના રોજ શ્રીમતી વસુધરા કોમકલી અને કુ.કલાપીની ધ્વારા ગાયન અને તા.૨૧/૧૧/૦૪ના રોજ પં.વિશ્વ મોહન ભટ્ટ મોહનવીણા ધ્વારા મોહનવીણા પ્રસ્તુત થયેલ.

**૩. વર્ષ–૨૦૦૫–૦૬**

તાનારીરી મહોત્સવમાં થીમ આધારીત કાર્યક્રમની પ્રસ્તુતી કરવાનુ નકકી થતા તા.૨૧/૧૧/૦૫ના રોજ નૃતિ આવિર્ભાવ અમદાવાદના ભૈરવી હેમત તથા શમિષ્ઠા મનોજ ધ્વારા તાના–રીરીના જીવન અને કવન આધારિત નૃત્ય નાટિકા અને તા.૨૨/૧૧/૦૫ના રોજ શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે પ્રસિધ્ધ સંસ્થા "સપ્તક" ધ્વારા કુ.નિરાલી ઉદેશી અને કુ.શિવાની પટેલ ધ્વારા શાસ્ત્રીય ગાયન વાદન પ્રસ્તુત થયેલ.

**૪. વર્ષ–૨૦૦૬–૦૭**

તાનારીરી મહોત્સવમાં થીમ આધારીત કાર્યક્રમની પ્રસ્તુતી અંતર્ગત તા.૩૧/૧૦/૦૬ના રોજ ગુજરાતમા સંગીતનો વિકાસ હેઠળ શ્રી રાજેશ શુકલ ધ્વારા "સાત સૂરના સથવારે" નૃત્ય નાટીકા અને તા.૧/૧૧/૦૬ના રોજ શ્રી વિષ્ણુ પંડયા ધ્વારા લિખિત "વડનગરનો ઈતિહાસ" તથા શ્રી કપિલદેવ શુકલ ધ્વારા દિગ્દર્શિત " વિરાટની વાણી–મારૂ વડનગર" નાટક પ્રસ્તુત થયેલ.

**૫. વર્ષ–૨૦૦૭–૦૮**

ચૂંટણી આચરસહિતાના કારણે તાનારીરી મહોત્સવ મુલતવી રહેલ.

## ૬. વર્ષ–૨૦૦૮–૦૯

શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે તાલીમ આપતી કોલેજના કલાકારને પ્રોત્સાહન મળે તેવી વિચારધારા ઉપર નામી કલાકારો સાથે યુવા કલાકારોને તક મળે તે મુજબ તા.૬/૧૧/૦૮ના રોજ ગૌરવ પુરસ્કારથી સન્માનિત શ્રી હેમેન્દ્ર દીક્ષિત અમદાવાદનું બાંસુરી વાદન એમ.એસ. યુનિવર્સિટી ફેકલ્ટી ઓફ પર્ફોમીંગ આર્ટસ, વડોદરા, આર.એમ. દેસાઇ ફેકલ્ટી ઓફ પર્ફોમીંગ આર્ટસ, વલ્ભવિધાનગર, સંગીત નૃત્ય નાટય મહાવિદ્યાલય, રાજકોટ, ન.ચ. ગાંધી મહિલા વિદ્યાલય (સંગીત વિભાગ), ભાવનગર,અંધજન મંડળ મ્યુઝિક સ્કૂલ, અમદાવાદના કલાકારો ધ્વારા ગાયન,/વાદન કાર્યક્રમની પ્રસ્તુતિ અને તા.૭/૧૧/૦૮ના રોજ શ્રી ગાયકવાડ બ્રધર્સ વડોદરાનું જલતંરગવાદન અને શહનાઇવાદનની જુગલબંદી, પં રામભદ્રન નાયર, અમદાવાદનું બાંસુરીવાદન, ગૌરવ પુરસ્કારથી સન્માનિત મંજુબહેન મહેતાનું સિતારવાદન, સિતારવાદન, ગૌરવ પુરસ્કારથી સનમાનિત શ્રીમતિ રૂપાન્દેબેન શાહ અને ડૉ.શ્રીમતિ મોનિકા શાહનું જુગલબંદી ગાયન. પ્રસ્તુત થયેલ.

## ૭. વર્ષ ૨૦૦૯-૧૦

થીમ આધારિત તા.૨૭/૧૦/૦૯ ના રોજ વિવિધ શૈક્ષણિક સંસ્થાના વિધાર્થી કલાકારો ધ્વારા સમુહ તબલાવાદન- (તબલાતાલીમ સંસ્થા) અમદાવાદ, શ્રી આરાધના સંગીત એકેડેમી, અમદાવાદ, ધ્વારા સમૂહ ગાયન, અમદાવાદ ધ્વારા કલા કેન્દ્ર મ્યુઝિયમ એન્ડ ડાન્સ, વલ્લભવિધાનગર, ઓમકારનાથ સ્પર્ધાના તબલા વાદન સ્પર્ધાના વિજેતા ધ્વારા તબલાવાદન અને ૨૮/૧૦/૦૯ ના રોજ શ્રીમતિ ન.ચ. ગાંધી મહિલા કોલેજ, ભાવનગરની બહેનો ધ્વારા ગાયનની પ્રસ્તુતી, અંધજન મંડળ, અમદાવાદના કલાકારો ધ્વારા ગાયન વાદનનો કાર્યક્રમ, સંગીત નૃત્ય નાટય ભારતી, રાજકોટ, સંસ્થાના કલાકારો ધ્વારા શાસ્ત્રીય વાદન, ઓમકારનાથ સંગીત સ્પર્ધાના વિજેતા ધ્વારા ગાયન અને વાદન પ્રસ્તુત થયેલ.

## ૮. વર્ષ ૨૦૧૦-૧૧

રાજય સરકારશ્રીનાં રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ ધ્વારા સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં સ્વર્ણિમ ગુજરાત ઉજવણી

અંતગર્ત - વડનગર ખાતે સ્વર્ણિમ તાનારીરી મહોત્સવ-૨૦૧૦ તા.૧૧/૧૧/૧૦ થી તા.૧૬/૧૧/૧૦ દરમ્યાન આયોજન હાથ ધરવામાં આવેલ જેમાં તા.૧૧/૧૧/૧૦ થી તા.૧૫/૧૧/૧૦ દરમ્યાન સુજ્ઞશ્રી સ્વરાધિકા-ધારી પંચમ'દા (અમદાવાદ) ધ્વારા ૯૯ કલાક,૯૯ મિનિટ,૯૯ સેકન્ડ દરમ્યાન શાસ્ત્રીય સંગીત ગાન કરી સતત ગાવાનો વિશ્વ વિક્રમ બનાવી ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન પામી ગુજરાતનું ગૌરવ વધારી ભારતને વિશ્વ ફલક ઉપર મૂકી એક અજોડ સિધ્ધિ મેળવી છે.

આ ઉપરાંત સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતગર્ત ચાલુ વર્ષે વિશ્વ પ્રસિધ્ધ એવી સંગીત બેલડી સુશ્રી લત્તા મંગેશકર અને સુશ્રી ઉષા મંગેશકરને તાનારીરી સન્માન એવોર્ડથી રાજય સરકાર ધ્વારા સન્માનિત કરી ભારતમાં ગુજરાતની સંગીત ક્ષેત્રે આગવી ઓળખ ઉભી કરી રાજયનું ગૌરવ વધારી સિધ્ધિ મેળવી છે.

તદઉપરાંત તા.૧૫/૧૧/૨૦૧૦ ના રોજ સુશ્રી ઐશ્વર્યા મજમુદાર - શાસ્ત્રીય ગાયન, સપ્તક, અમદાવાદ ધ્વારા સમૂહ સિતારવાદન, શ્રીમતી વિરાજ અમર ભટ્ટ ધ્વારા શાસ્ત્રીય ગાયન, આસીત દેસાઇ, હેમા દેસાઇ ધ્વારા સુગમ સંગીત અને સુશ્રી મૌલી દવે ધ્વારા ફયુઝયુન ગાયન પ્રસ્તુત થયેલ.

તા.૧૬/૧૧/૨૦૧૦ ના રોજ નવરચના વિદ્યાની વિદ્યાલય,, વડોદરા ધ્વારા સમૂહ ગાયન, આરાધના સંગીત એકેડેમી, અમદાવાદ ધ્વારા સમૂહ ગાયન, સુશ્રી પિયુ સરખેલ, રાજકોટ ધ્વારા શાસ્ત્રીય ગાયન, વિરાજ - બિજલ ઉપાધ્યાય, મુંબઇ ધ્વારા સુગમ સંગીત (જુગલબંદી), અને આંતરાષ્ટ્રીય કલાકાર સુશ્રી શોભા મુદગલ ધ્વારા શાસ્ત્રીય ગાયન પ્રસ્તુત થયેલ.

સ્વર્ણિમ તાનારીરી મહોત્સવ-૨૦૧૦ હેઠળ તા.૧૧/૧૧/૧૦ થી તા.૧૬/૧૧/૧૦ દરમ્યાન ૩૯૨ કલાકારોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે રાજયમાં પ્રથમવાર પાંત્રીસ થી વધુ મહિલાઓનો સમૂહ સિતાર વાદનનો કાર્યક્રમ યોજવામાં આવેલ જે અજોડ સિધ્ધિ છે.

૯. <u>વર્ષ ૨૦૧૧-૧૨</u>

(૧) <u>૩૨૧ કલાકારો ધ્વારા સમુહ તબલાવાદનનો વિશ્વ વિક્રમ</u>

તબલા તાલીમ સંસ્થા, અમદાવાદના સંચાલકશ્રી મુંજાલ મહેતાનાં નિર્દેશન હેઠળ સંગીત નાટક અકાદમીના સહયોગથી સ્વર્ણીમ પુર્ણાહુતી સમાપન સમારોહ નિમિતે અમદાવાદ ખાતે તા.૩૦/૦૪/૧૧ રોજ ૩૨૧ તબલાવાદકો ધ્વારા સતત ૧.૩૦ કલાક સુધી ’મોસ્ટપીપલ હેન્ડ ડ્રમીંગ” કેટેગરી હેઠળ પરંપરાગત તબલાવાદન રજૂ કરી વિશ્વ વિક્રમ હાંસલ કરવા બદલ રૂ.૫.૦૦ લાખની આર્થિક સહાય રાજય સરકાર તરફથી સહયોગનાં ભાગ રૂપે ચૂકવવામાં આવી છે.

(૨) <u>સુશ્રી સ્વરાધિકા ધારી પચંમ’દા ધ્વારા સતત સંતુરવાદનનો વિશ્વ વિક્રમ</u>

પંચમ એકેડેમી, અમદાવાદના નેજા હેઠળ સંગીત નાટક અકાદમીના સહયોગથી સ્વર્ણીમ પૂર્ણાહૂતી સમાપન સમારોહ નિમિતે સુશ્રી સ્વ રાધિકા ધારી <u>પચંમ’દા</u> ધ્વારા તા. ૨૬,૨૭ એપ્રિલ-૨૦૧૧ દરમ્યાન અમદાવાદ ખાતે ૨૯ કલાક, ૨૯ મિનિટે ૨૯ સેકન્ડ સુધી ૨૯ રાગો પર સતત સંતુરવાદન રજુ કરી ગ્રીનીસ વ૯ર્ડ રેકર્ડ હાંસલ કરી ગુજરાત રાજયનું ગૌરવ વધારેલ છે. જે બદલ રૂ.૨.૦૦ લાખની આર્થિક સહાય રાજય સરકાર તરફથી સહયોગનાં ભાગ રૂપે ચુકવવામાં આવી છે.

<u>(૩) પં.ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત મહોત્સવ</u>

રાજયના અમૂલ્ય સાંસ્કૃતિક વારસાથી અભિમુકત થાય સમગ્ર રાષ્ટ્ર અને વિશ્વમાં નોંધ લેવાય તે શુભ હેતુથી સાંસ્કૃતિક ધરોહર હેઠળ પ્રતિવર્ષ સ્વ.સંગીત માર્તન્ડ પં.ઓમકારનાથ ઠાકુરની પુણ્ય સ્મૃતિમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સૂરતના સંયુકત ઉપક્રમે તા.૧૭,૧૮ માર્ચ ૨૦૧૨ દરમ્યાન પં.ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા રાષ્ટ્રના સુપ્રસિધ્ધ ગાયકો-શ્રી નીરજ પરીખ, શ્રી પરેશ નાયક, ગુંડેચા બ્રધર્સ, પદમભૂષણ પં.જશરાજજીએ ગાયન ધ્વારા પોતાના સૂર રેલાવ્યા હતા. તથા શ્રી સલીલ ભટે મોહનવીણા

ધ્વારા, શ્રી રાજકિશોર દલબેહરા ધ્વારા તથા પીઢ જાણીતા સિતાર વાદક શ્રી અરવિંદ પરીખે સિતારવાદન ધ્વારા સંગીત રેલાવ્યું હતું.

૧૦. <u>વર્ષ ૨૦૧૨-૧૩</u>

(૧) <u>પં.ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત મહોત્સવ</u>

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સૂરતના સંયુકત ઉપક્રમે તા.૨૮,૨૯ માર્ચ ૨૦૧૩ દરમ્યાન પં.ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા રાષ્ટ્રના સુપ્રસિધ્ધ ગાયકો-શ્રી માતંગ પરીખ, શ્રી સૃષ્ટિ ભટ્ટ, શ્રી રાજન-સાજન મિશ્રા, શ્રી વિકાસ પરીખ, ગુંડેચા બ્રધર્સ, સપ્તકના કલાકારોએ ગાયન ધ્વારા પોતાના સૂર રેલાવ્યા હતા. તથા પં.વિશ્વમોહન ભટે મોહનવિણા ધ્વારા તથા શ્રી હરિપ્રસાદ ચોરસીયાએ બાંસુરી વાદન ધ્વારા સંગીત રેલાવ્યું હતું.

(૨)<u>તાનારીરી મહોત્સવ</u>

તાના અને રીરીની જુગલબેલડી સ્મૃતિમાં વડનગર ખાતે તા.૨૨,૨૩ નવેમ્બર-૨૦૧૨ દરમ્યાન તાનારીરી શાસ્ત્રીય સંગીત મહોતત્સવનુ આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં રાજયના પ્રસિધ્ધ ગાયકો જેવા કે ર્ડા.મોનિકાબેન શાહ,શ્રી અમી પરીખ, સૃષ્ટિ પરીખ, શ્રી માયા દીપક, શ્રી અમીતા દલાલ, સાશ્વતી ભટાચાર્ય, શ્રી હેતલ મહેતા જોષી તથા સપ્તક અને આરાધનાના કલાકારોએ શાસ્ત્રીય સંગીત રેલાવ્યું હતું.